# ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદ

## <u>એન.સી.સી. અહેવાલ – 2021-22</u>

*"અમને નાંખો જિંદગીની આગમાં,*

*આગને પણ ફેરવીશું અમે બાગમાં...."*

યુવાનીના સાહસ અને શૌર્યને ઉજાગર કરતી ઉપર્યુક્ત પંક્તિઓને ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજ), અમદાવાદ દ્વારા ગતિમાન એન.સી.સી.ની પ્રવૃત્તિ સાર્થક કરી રહી છે. આ પ્રવૃત્તિઓ યુવાનોના ઘડતરની પાઠશાળા છે. આ પાઠશાળામાં  સહભાગી થઈને સેંકડો યુવાનો રાષ્ટ્ર ઘડતરની સાથે જીવનઘડતરની અનોખી તાલીમ મેળવી રહ્યા છે. કૉલેજના એન.સી.સી. વિભાગ દ્વારા દર વર્ષે યોજાતી આ પ્રવૃત્તિઓ માટે 2020-21નું વર્ષ વિશેષ પડકારજનક રહ્યું હતું. કોરોનાની વૈશ્વિક મહામારીએ જ્યારે માનવીને માનવીથી અળગો કરી દીધો હતો એવા  કપરા સમયમાં આ કૉલેજના યુવાનોએ એન.સી.સી.ના માધ્યમથી વિવિધ સેવાકાર્યોમાં અનન્ય ઉત્સાહથી જોતરાઈને માનવસેવાની મહેંક પ્રસરાવી દીધી હતી. નિત્ય કસરત અને કવાયતથી કેળવાયેલ આ યુવાનોએ ગત વર્ષ દરમ્યાન કરેલા આ સેવાકાર્યોની ઝલક અત્રે પ્રસ્તુત છે:

### <u>#EK MAIN SAU KE LIYE (એક મૈં સો કે લિએ...)</u>

ગુજરાત NCC નિદેશાલય દ્વારા પ્રવર્તમાન સમયમાં પ્રવર્તી રહેલ કોરોના મહામારીમાં લોકોની પીડા ઘટાડવા તેમજ કોવિડ-19 મહામારી સામે સલામતીને પ્રોત્સાહન આપવા માટે **<u>#EK MAIN SAU KE LIYE</u> નામથી** એક વિશિષ્ટ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ ઉમદા અભિયાનનો કેન્દ્રવર્તી વિચાર તેના પ્રત્યેક શબ્દ 'એક મૈ સો કે લીયે' પર આધારિત છે જેની પરિકલ્પના  ગુજરાત  દમણ અને દીવ, દાદરા અને નગર હવેલી NCCના અધિક મહા નિદેશક મેજર જનરલ અરવિંદ કપૂરે કરી હતી. જેઓ બે વર્ષ સુધી લેહ લદાખમાં ફરજ નિભાવ્યા બાદ તાજેતરમાં જ NCC ગુજરાતમાં પોતાની ફરજ બજાવવા આવ્યા છે.

આ અભિયાન એક અનન્ય પહેલ હતી કે જેમાં રાજ્યમાં ઘણી મોટી સંખ્યામાં NCCના કેડેટ્સે રાષ્ટ્રના એક જવાબદાર અને શિસ્તપૂર્ણ નાગરિક તરીકે પોતાની જાતને તૈયાર કરી હતી અને તેઓ જે સમાજમાં રહે છે તેના પ્રત્યે પોતાનું સામાજિક ઋણ અદા કરવા માટે આગળ આવ્યા હતાં. હાલમાં પણ તેઓ કોવિડ-19 મહામારીની તીવ્ર અસરો હેઠળ સેવા આપી રહ્યાં છે.

આ અભિયાનનો પ્રારંભ મે 2021માં કરવામાં આવ્યો હતો જેનો હાલમાં પાંચમો તબક્કો ચાલી રહ્યો છે. પ્રારંભથી જ આ અભિયાન પ્રત્યે લોકો ઘણા ખેંચાઇ રહ્યાં છે અને તેને ખૂબ જ પ્રશંસા પ્રાપ્ત થઇ છે. પ્રથમ તબક્કાનો પ્રારંભ 3 મે 2021ના રોજ થયો હતો, જેમાં ગુજરાત, દમણ અને દીવ, દાદરા અને નગર હવેલી NCC

નિદેશાલયના પ્રત્યેક કેડેટ મોબાઇલ ફોનના માધ્યમથી તેમના સેંકડો સંબંધીઓ અને મિત્રો તેમજ પરિચિતો સાથે જોડાયા હતા અને કોવિડ અંગે યોગ્ય વર્તણૂક વિશે તેમનામાં જાગૃતિ સંદેશાઓ ફેલાવ્યા હતા અને રસીકરણનું મહત્વ તેમને સમજાવ્યું હતું. સાથે સાથે માણસથી માણસના સ્પર્શ સાથે તેમનું મનોબળ વધાર્યું હતું અને ભાવનાત્મક સહકાર આપ્યો હતો.



આ અભિયાનમાં કેડેટ્સે પોતાના મોબાઇલ ફોનના સંવાદોના ટૂંકા વીડિયો બનાવ્યા હતા અને તેને સંબંધિત પોતાના કેટલાક અનુભવો પણ પોસ્ટ કર્યા હતા. અભિયાનના આ હિસ્સાને લોકો તરફથી પ્રચંડ પ્રતિભાવ મળ્યો હતો અને તેના કારણે કેડેટ્સ આ અભિયાનને વધુ આગળ વધારવા માટે ઘણા પ્રેરિત થયા હતા.

EkMaiSauKeLiye અભિયાનના બીજા તબક્કામાં, ગુજરાત NCC નિદેશાલયના કેડેટ્સ તેમના મોબાઇલ ફોન દ્વારા વૃદ્ધાશ્રમોના વડીલો સાથે જોડાવાનું શરૂ કર્યું હતું. આ રીતે જોડાવાનો મૂળ ઉદ્દેશ વૃદ્ધાશ્રમના વડીલો પ્રત્યે ઊંડા પ્રેમ અને આદરની ભાવના અભિવ્યક્ત કરવાનો તેમજ તેમનો જુસ્સો વધારવાનો અને "અમે સંભાળ લઇએ છીએ" તેવી ભાવના તેમના પ્રત્યે વ્યક્ત કરવાનો હતો. એકંદરે અભિયાનનો ઉદ્દેશ વૃદ્ધાશ્રમના વડીલો અને NCCના કેડેટ્સ એમ બંને પક્ષે સારો અહેસાસ કરાવવાનો હતો.





આ અભિયાનનો ત્રીજો તબક્કો 22 મે 2021ના રોજથી શરૂ થયો છે. આ તબક્કામાં, કેડેટ્સ ભારતીય સૈન્યના નિવૃત્ત કર્મચારીઓ અને શહીદોની વિધવાઓ સાથે જોડાયા હતા. આ તબક્કા પાછળ એકંદરે, આવા સમયમાં પણ અમે તેમના દ્વારા અને તેમના (વીરનારીઓના) પતિ દ્વારા રાષ્ટ્રને આપવામાં આવેલી સેવાને ભૂલ્યા નથી, તેવો સંદેશો તેમના સુધી પહોંચાડવાનો ઉદ્દેશ છે.

આ અભિયાનના તબક્કા-4નું આયોજન 23 જૂન 2021ના રોજથી થયું હતું. તેમાં NCC કેડેટ્સે કોરોના યોદ્ધાઓ એટલે કે ડૉક્ટરો, નર્સો, વૉર્ડ બોયઝ, એમ્બ્યુલન્સ ડ્રાઇવરો અને હોસ્પિટલના સ્ટાફ વગેરેનો સંપર્ક કર્યો હતો. આવા કટોકટીના સમયમાં પણ તેમણે આવી અદભૂત કામગીરી કરી તે બદલ તેમને પ્રોત્સાહિત કર્યા હતા.



એક મૈં સો કે લિયે સોશિયલ મીડિયા અભિયાનના પાંચમાં ચરણનો ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ 03 જૂલાઈ 2021ના રોજથી પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાન અંતર્ગત કારગીલના વીરોને ગુજરાતના આભાર અભિયાન અન્વયે ગુજરાત NCCના કેડેટ્સે 25 હજાર શુભેચ્છા કાર્ડ્સ ભારતીય સેનાના વીર જવાનોને કારગીલ વિજય દિવસની 22મી વર્ષગાંઠ 26 જુલાઈએ પહોંચાડવામાં આવ્યા હતા. ભારતની સરહદના રખોપા કરતા સેનાનીઓ-જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી NCC છાત્રોએ શુભેચ્છા કાર્ડ્સના માધ્યમથી તેઓનો આભાર વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્ર ભક્તિની ભાવના સાથે શરુ કરાયેલ આ અભિયાનમાં રાષ્ટ્ર નિર્માણને ધ્યાનમાં રાખીને સમગ્ર ગુજરાત રાજ્યમાં સામાજિક સેવા અને સામુદાયિક વિકાસની અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.







ગુજરાત NCC નિદેશાલય દ્વારા શરુ કરાયેલ #EkMaiSauKeLiye અભિયાનના ભાગરૂપે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા નિર્દિષ્ટ, કોરોના વાઇરસના શ્રેષ્ઠ નિવારણ માટે દાખવવામાં આવેલી પ્રતિબદ્ધતા અને અથાક પ્રયાસોને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ, લંડન દ્વારા બિરદાવવામાં આવ્યું હતું. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાના વરદ હસ્તે NCC ડાયરેક્ટરેટ ગુજરાતના એડિશનલ ડિરેક્ટર જનરલ અરવિંદ કપૂરને "સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ" અર્પણ કર્યું હતું.

## આઝાદી કા અમૃત મહોત્સવ

ભારત સરકાર દ્વારા ભારતની આઝાદીના 75માં વર્ષે )75th Year of Indian independence) આગામી એક વર્ષ સુધી 'આઝાદી કા અમૃત મહોત્સવ' (Aazadi Ka Amrut Mahotsav) ઉજવણીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો મુખ્ય હેતુ દેશભરમાં ભાષા અને રાજ્યવાર જનજાગૃતિ અને આંદોલન પ્રેરાય, ભારતનો ભવ્ય અને ગૌરવપૂર્ણ ભૂતકાળ ઉજાગર થાય સાથે ભારતના વિકાસને દર્શાવવાનો છે.

**ગુજરાતમાં આ ઉજવણીને ભવ્ય રીતે મનાવવાના આયોજન રૂપે અત્રેની કૉલેજના NCC કેડેટ્સ દ્વારા** 'એક ભારત, શ્રેષ્ઠ ભારત', આત્મનિર્ભર ભારત, વિચાર, સિદ્ધિઓ અને ઉકેલ, ભારતનો સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસો, સ્વાતંત્ર્ય સેનાનીઓ, આઝાદી 2.0 જેવી થીમ પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણીના ભાગ રૂપે નીચે મુજબના કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવ્યા હતાં.

## ➢ FIT INDIA FREEDOM RUN

મનુષ્યજીવનમાં સ્વસ્થ શરીર માટે વ્યાયામનું એક આગવું મહત્વ છે. ભારતના પ્રાચીન શાસ્ત્રો પણ વ્યાયામને સ્વસ્થ શરીર તથા સ્વસ્થ મન માટે જરૂરી ગણાવે છે. ભારત સરકાર દ્વારા ભારતીય નાગરિકો સ્વસ્થ બને તે ઉદ્દેશ્યથી ફિટ ઇન્ડિયા મુવમેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ મુવમેન્ટને સફળ બનાવવા અને દેશના નાગરિકો સ્વાસ્થ પ્રત્યે સભાન બને અને તેમનામાં જાગૃતિ કેળવાય તે હેતુથી સાબરમતી રીવરફ્રન્ટ ખાતે તા.25/08/2021, તા.02/09/2021 અને તા.20/09/2021ના રોજ ફિટ ઇન્ડિયા ફ્રિડમ રનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અત્રેની સંસ્થાના એન.સી.સી વિભાગના 35 કેડેટ્સે ભાગ લીધો હતો.





## ➢ STATUE CLEANING

ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહાનુભવોના પ્રદાનને લોકો યાદ રાખે તે હેતુથી જે તે મહાનુભાવોની પ્રતિમાઓ મૂકવામાં આવે છે. પરંતુ એકવાર આ પ્રતિમાઓ મુકાઇ જાય પછી તેના તરફ ધ્યાન આપવામાં આવતું નથી. આવી પ્રતિમાઓની હાલત સમયાંતરે બિસ્માર જોવા મળે છે.



**સ્વતંત્રતા સેનાનીની પ્રતિમાઓની સફાઇ કરાઇ**

અમદાવાદ | 15 ઓગસ્ટની ઉજવણીના ભાગરૂપે એનસીસી કેડેટર્સે ઈન્કમટેક્સ ખાતે ગાંધીજીની પ્રતિમાની સફાઈ કરી હતી. વિવિધ વિસ્તારમાં સ્વાતંત્રતા સેનાનીઓની પ્રતિમાઓની પણ સફાઈ કરવામાં આવી હતી.

હાલમાં ભારતમાં ચાલી રહેલા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અત્રેની સંસ્થાના એન.સી.સી. કેડેટ્સ દ્વારા ભારતની આઝાદીમાં યોગદાન આપનારા મહાન નેતાઓની પ્રતિમાંને સ્વચ્છ રાખવાનું એક પ્રશંસનીય કાર્ય હાથ ધર્યું. જેના અનુસંધાનમાં અમદાવાદના ઇન્કમટેક્ષ વિસ્તારમાં આવેલી મહાત્માં ગાંધીજીની પ્રતિમાને સંસ્થાના કેડ્ટસ દ્વારા સ્વચ્છ કરવામાં આવી હતી.

સંસ્થાના એન.સી.સી કેડ્ટસના આ કાર્યની નોંધ અમદાવાદ મહાનગરપાલિકાના મેયરશ્રી, પ્રબુદ્ધ નાગરિકો અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા લેવામાં આવી હતી તેમજ આ ઉમદા કાર્યની સરાહના કરવામાં આવી હતી.

➢ વેબિનાર

1 ગુજરાત બટાલિયન દ્વારા તા.13/08/2021ના રોજ રાષ્ટ્રીય એકતા વિષય પર ઓનલાઇન માધ્યમથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં એન.સી.સી વિભાગના 70 કેડેટ્સે ભાગ લીધો હતો. આ ઉપરાંત ગુજરાત કોમર્સ કૉલેજ (સવાર), ગુજરાત કોમર્સ કૉલેજ (બપોર), કોમર્સ કૉલેજ પિલવાઇ, એચ.એ.કૉલેજ ઓફ કોમર્સ અને એચ.એલ. કોમર્સ કૉલેજના એન.સી.સી કેડેટ્સે પણ ભાગ લીધો હતો. આ વેબિનારમાં 1 BN NCCના ANO લેફ. હરદિપસિંહ ગોહિલ, કેપ્ટન સમીર પંડ્યા, લેફ. વિનોદ મોવલિયા, લેફ. જિજ્ઞાસા વાઘેલા દ્વારા વ્યાખ્યાન આપી કેડ્ટસને પ્રવર્તમાન સમયમાં દેશની સ્મસ્યાઓ સામે રાષ્ટ્રીય એકતાનું મહત્વ સમજાવ્યું હતું.




## <u>વૃક્ષારોપણ કાર્યક્રમ</u>

સમ્રગ વિશ્વમાં ચાલી રહેલી ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનો એકમાત્ર ઉપાય એ છે કે પૃથ્વી પર ઘટી રહેલી વૃક્ષોની સંખ્યામાં વધારો કરવો. બ્રાઝિલમાં મળેલી ગ્લોબલ વોર્મિંગ કમિટીમાં પણ વિશ્વના દેશોએ વૃક્ષારોપણના કાર્યક્રમને વધારે પ્રોત્સાહન મળે તેવા પ્રયત્નો કરવાનું સૂચન કરેલ છે. જેને ધ્યાને લેતા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સમ્રગ ભારતમાં વૃક્ષારોપણ કાર્યક્રમને એક ઝુંબેશ તરીકે શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં વનવિભાગ દ્વારા દર વર્ષે જુલાઇ માસમાં વન મહોત્સવની ઉજવણી કરી સમગ્ર રાજ્યમાં વૃક્ષારોપણ કાર્યક્રમની શરૂઆત થાય છે.





અત્રેની સંસ્થાના એન.સી.સી વિભાગ દ્વારા તા.01/09/2021 થી તા.15/09/2021 દરમિયાન વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.સી.સી વિભાગના 105 કેડેટ્સે પોતાના ઘર,ફળિયા, સોસાયટી વિસ્તારની આસપાસ વૃક્ષારોપણ કર્યું હતું એટલું જ નહી પરંતુ વૃક્ષોના વાવેતર માટે પોતાના કુંટુબીજનો, સગાવ્હાલા તથા પડોશીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## કારગીલ વિજય દિવસની ઉજવણી

ભારતમાં દર વર્ષે તા.26 જુલાઇના રોજ કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામા આવે છે જેના અનુસંધાનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે કારગીલ વિજય દિવસની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત ડાયરેક્ટેડ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામા આવ્યું હતું જેમાં અત્રેની કૉલેજના એન.સી.સી વિભાગના 15 કેડેટ્સ દ્વારા ભારતના વિર જવાનો માટે રક્તદાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કારગીલ વિજય દિવસને લગતી દસ્તાવેજી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી અને વેબિનારનું આયોજન કરવામાં આવ્યું.




## વિશ્વ યોગ દિવસની ઉજવણી

સમગ્ર વિશ્વમાં ૨૧ જૂનને “વિશ્વ યોગ દિવસ” તરીકે ઉજવવામાં આવે છે. હાલમાં કોરોનાની પરિસ્થિતીને ધ્યાને રાખી તા.21/06/2021ના રોજ આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ઓનલાઇન માધ્યમથી કરવામાં આવી હતી. જેમાં કૉલેજના તમામ એન.સી.સી કેડેટ્સે ભાગ લઇ સૂર્યનમસ્કાર, ચક્રાસન, વ્રજાસન, ધર્નુરાસન, ભુંજગાસન, મયુરાસન, મત્સ્યાસન જેવા વિવિધ યોગાસનો પ્રદર્શિત કર્યા હતા. આ યોગ દિવસની ઉજવણીમાં જે તે કેડ્ટસના પરીજનો પણ જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





## સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

અત્રેની સંસ્થાના પરીસરમાં તા.15/08/2021ના રોજ ભારતના 75માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામા આવી હતી. જેમાં એન.સી.સી વિભાગના તમામ કેડ્ટસ હાજર રહ્યા હતા. ઉજવણીની શરૂઆત થી લઇ અંત સુધી ખડેપગે રહી તમામ કેડેટ્સે પરેડ યોજી ઉપસ્થિત રહેલ સર્વજનોને દેશ પ્રત્યેના પ્રેમનો અને સમર્પણ ભાવનો પરીચય કરાવ્યો હતો.



## શહીદ વિર વિનોદ કિનારીવાલા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ



ભારતીય આઝાદીની ચળવળમાં ઇ.સ.1942ની લડત અતિ મહત્વની ગણાય છે. દેશવાસીઓ દ્વારા માભોમની રક્ષા કાજે આ ચળવળમાં સૌથી વધારે બલિદાનો આપવામાં આવ્યા હતા. ગુજરાત કૉલેજ અમદાવાદના વિદ્યાર્થી વિર વિનોદ કિનારીવાલાએ આ જ લડતમાં ભાગ લઇ શહીદી વ્હોરી હતી. દર વર્ષે તા.10/08/2021ના રોજ કૉલેજ દ્વારા વિર વિનોદ કિનારીવાલા શહિદદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન.સી.સી વિભાગના 100 કેડેટ્સ હાજર રહ્યા હતા. તમામ કેડ્ટસે કૉલેજથી લઇ કેમ્પસમાં આવેલા વિર વિનોદ કિનારીવાલા સ્મારક સ્તંભ સુધી યોજાયેલી મૌન રેલીમાં ભાગ લીધો હતો અને વિર વિનોદ કિનારીવાલા સ્મારક પર પુષ્પાજંલી અર્પણ કરી શ્રધ્ધાજંલી આપી હતી.

## એક ભારત શ્રેષ્ઠ ભારત કેમ્પ

NCC ગુજરાત નિદેશાલય દ્વારા તા 04 ઑક્ટોબર 2021થી સાત દિવસ માટે ઑનલાઇન 'એક ભારત શ્રેષ્ઠ ભારત' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર માટે પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ગુજરાતમાંથી 100 NCC કેડેટ્સને પસંદ કરવામાં આવ્યા હતા.. જેમાં અત્રેની કૉલેજના એન.સી.સી વિભાગના 2 કેડ્ટસે ભાગ લીધો હતો. આ શિબિરના આયોજનનો મૂળ ઉદ્દેશ NCCના સહભાગી કેડેટ્સમાં એકતા અને રાષ્ટ્રવાદની ભાવના જગાવવાનો અને અલગ અલગ રાજ્યોના કેડેટ્સમાં એક પરિવારની લાગણી ઉભી કરવાનો હતો. ભારતની ભાતીગળ સંસ્કૃતિનો સુમેળ સર્જાતા વિવિધતામાં એકતાની ઝાંખી ઉડીને આંખે વળગતી હતી.

## કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનીંગ કેમ્પ



ગુજરાત ડાયરેક્ટર દ્વારા દર વર્ષે CATC કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં પાંચ કેમ્પ યોજાયેલા છે. આ કેમ્પમાં અત્રેની સંસ્થાના એન.સી.સી વિભાગનાં 30 કેડ્ટસે ભાગ લીધો હતો. આ કેમ્પની દિનચર્યા અનુસાર યોગ અને વ્યાયામ, પરેડ, કારકિર્દી માર્ગદર્શન, વ્યક્તિત્વ વિકાસ, પ્રત્યાયન કૌશલ્ય, સમય પ્રબંધન, તણાવ મૂક્તિ અંગેના સેમિનાર વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફાયરીંગ, મેપ રીંડીગ, બાસ્કેટ બોલ, વોલીબોલ જેવી રમતો/પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવેલ હતું. કેમ્પ પૂર્ણ થવાની આગલી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ હતું.



અત્રેની કૉલેજમાં સંસ્થાગત તાલીમના ભાગરૂપે દર શુક્રવારે નિયમિત પરેડનું આયોજન કરવામાં આવે છે. જેમાં ત્રણેય વર્ષના એન.સી.સી. કેડ્ટસ પરેડમાં ભાગ લઇ નાના પાયે લશ્કરી તાલીમ મેળવે છે. આ ઉપરાંત રાયફલ શુટિંગ અને મેપ રીડીંગની સમજ પણ આપી ભવિષ્યમાં ભારતીય લશ્કરમાં જોડવા માટેનું પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. કૉલેજમાં સંસ્થાગત તાલીમ અંતર્ગત NCCનો નિર્ધારિત અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે.

## NCC ACHIEVEMENTS

**26મી જાન્યુઆરી 2021માં પ્રજાસત્તાક દિન નિમિતે રાજપથ ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ પરેડમાં કૉલેજના ત્રણ કેડેટ્સ સીમા રાજખોવા, હર્ષવર્ધન જાધવ અને જય વ્યાસે ભાગ લઇ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલું હતું. આ ઉપરાંત વર્ષ 2022માં પ્રજાસત્તાક દિન નિમિતે રાજપથ ન્યુ દિલ્હી ખાતે યોજાનાર પરેડમાં પણ કૉલેજના કુલ છ કેડેટ્સ પ્રાથમિક પસંદગી પામ્યા છે.**





**અત્રેની કૉલેજની સીનીયર કેડેટ સીમા રાજખોવાને વર્ષ 2021નો બેસ્ટ કેડેટ આર્મી SWનો એવોર્ડ મળેલ હતો તેમજ ગુજરાતના રાજ્યપાલશ્રીના વરદ હસ્તે તેને સન્માનિત કરવામાં આવી હતી. આ ઉપરાંત તે NCC યુથ એક્સચેન્જ પ્રોગ્રામ(YEP)માં પણ પસંદગી પામેલ છે. આ પ્રોગ્રામ અંતર્ગત વિદેશમાં સમગ્ર ભારતનું પ્રતિનિધિત્વ કરશે જે** બદલ કૉલેજ ખુબજ ગૌરવ અનુભવે છે.

**કૉલેજના સીનીયર કેડેટ હર્ષવર્ધન જાધવે** "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણીના ભાગ રૂપે યોજાયેલ પરેડનું






પ્રતિનિધિત્વ કર્યું હતું. પરેડ દરમિયાન તેના દ્વારા આપવામાં આવેલ સલામીની સરાહના ગુજરાત NCCના અધિક મહા નિદેશક મેજર જનરલ અરવિંદ કપૂરે કરી હતી.

વર્ષ 2021ના નવેમ્બરમાં યોજાનાર અજમેર ટ્રેકિંગ કેમ્પમાં કેડેટ મિત્તલ ઝાલા પસંદગી પામ્યા છે. અને નવેમ્બર-ડીસેમ્બર-2021ના રોજ યોજાનાર શિવાજી ટ્રેકિંગ કેમ્પમાં કૉલેજના બે કેડેટ લવકુશ દિવાકર અને પ્રદ્યુમન દૂબે પસંદગી પામી કૉલેજનું ગૌરવ વધાર્યું છે.

**સમાપન**

NCC વિશ્વનું સૌથી મોટું યુવા સંગઠન છે. NCCનો મુખ્ય હેતુ યુવાનોમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવાનો, યુવાનોમાં નેતૃત્વના ગુણો વિક્સવાવનો તેમજ તેને જવાબદાર નાગરિક બનાવવાનો છે. પ્રવર્તમાન સમયમાં પ્રવર્તી રહેલી કોરોના મહામારીમાં અત્રેની કૉલેજના NCC કેડેટ્સે પોતાની નોંધપાત્ર કામગીરી દ્વારા સામાજિક જવાબદારી નિભાવી સંસ્થાને ગૌરવ પ્રદાન કરેલ હતું.

| | |
|---|---|
| લેફ્ટનન્ટ વિનોદ મોવલિયા | આચાર્ય |
| ANO, 1 GUJ BN NCC | ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કૉલેજ(સાંજની) |
| અમદાવાદ | અમદાવાદ |

**<u>સૌજન્ય</u>**

ડૉ. આનંદ આચાર્ય

ડૉ. ભાવિન પરમાર

## ENROLLMENT SUMMARY 2021-22

| AUTH STR | | | 1ST YEAR | | | 2ND YEAR | | | 3RD YEAR | | | TOTAL | | G TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| SD | SW | T | SD | SW | T | SD | SW | T | SD | SW | T | SD | SW | |
| 70 | 35 | 105 | 25 | 17 | 42 | 22 | 14 | 36 | 11 | 16 | 27 | **58** | **47** | **105** |

## NOMINAL ROLL OF CADETS 2021-22

| SR NO | REGMT NO | RANK | CDT NAME |
|---|---|---|---|
| 1 | GUJ/21/SWA/ 100212 | CDT | BHUMIKA RAKESHKUMAR DODIYA |
| 2 | GUJ/21/SWA/ 100214 | CDT | KHUSHI RAMKUMAR CHHIPA |
| 3 | GUJ/21/SWA/ 100216 | CDT | MAHIMA BHARATSINH RAJPUT |
| 4 | GUJ/21/SWA/ 100217 | CDT | MAHEJBEEN BANU JUMMA BHAI SHAIKH |
| 5 | GUJ/21/SWA/ 100218 | CDT | NAINCY MUKESHBHAI NAGAR |
| 6 | GUJ/21/SWA/ 100219 | CDT | PRIYANSHI CHANDRESHKUMAR KHADAKE |
| 7 | GUJ/21/SWA/ 100223 | CDT | RANI MANOJBHAI VANKAR |
| 8 | GUJ/21/SWA/ 100225 | CDT | RAMILA BHIKHSINGH RAJPUROHIT |
| 9 | GUJ/21/SWA/ 100231 | CDT | RITU JAISINGH PAWAR |
| 10 | GUJ/21/SWA/ 100233 | CDT | SHIVANGIBEN SOLANKI |
| 11 | GUJ/21/SWA/ 100234 | CDT | SANDHYA RAMAN PRASAD CHAUHAN |
| 12 | GUJ/21/SWA/ 100235 | CDT | TEENAKUMARI PAWAR |
| 13 | GUJ/21/SWA/ 100238 | CDT | TANU SINGH RAJPUT |
| 14 | GUJ/21/SWA/ 100239 | CDT | UMA SUSHILKUMAR PANDEY |
| 15 | GUJ/21/SWA/ 100244 | CDT | VANSHIKA RAHUL VORA |
| 16 | GUJ/21/SWA/ 100248 | CDT | YOGINA PATEL |
| 17 | GUJ/21/SWA/ 100252 | CDT | DHARMISHTHA RAJESHBHAI MAKWANA |
| 18 | GUJ/21/SDA/ 100254 | CDT | TARUN PHARTYAL |
| 19 | GUJ/21/SDA/ 100255 | CDT | SANJAY KAPTAN SINGH KEVAT |
| 20 | GUJ/21/SDA/ 100256 | CDT | HARSHIL KIRANKUMAR RATHOD |
| 21 | GUJ/21/SDA/ 100260 | CDT | HITESHSINGH TOMAR |
| 22 | GUJ/21/SDA/ 100262 | CDT | ABHISHEK VINODBHAI YADAV |
| 23 | GUJ/21/SDA/ 100265 | CDT | LALSINGH HEMSINGH RAJPUT |
| 24 | GUJ/21/SDA/ 100269 | CDT | ROHIT _ GUPTA |
| 25 | GUJ/21/SDA/ 100270 | CDT | ARYAN SUNILKUMAR RATHOD |
| 26 | GUJ/21/SDA/ 100271 | CDT | PARVAT MANSINGH RAJPUT |
| 27 | GUJ/21/SDA/ 100272 | CDT | PRANAV NARESHBHAI GAYAKWAD |
| 28 | GUJ/21/SDA/ 100274 | CDT | AMITKUMAR YADAV |
| 29 | GUJ/21/SDA/ 100277 | CDT | SAGAR BACHUBHAI KODIYATAR |
| 30 | GUJ/21/SDA/ 100278 | CDT | VISHAL SHIVBAHADUR RAJPUT |
| 31 | GUJ/21/SDA/ 100281 | CDT | DIVYESH MUKESHBHAI PARMAR |
| 32 | GUJ/21/SDA/ 100282 | CDT | BHAVESH HARISHBHAI VACHHETA |
| 33 | GUJ/21/SDA/ 100283 | CDT | ASHISHKUMAR BAJRANGLAL JANGID |
| 34 | GUJ/21/SDA/ 100284 | CDT | DILKHUSH DILIPKUMAR YADAV |
| 35 | GUJ/21/SDA/ 100287 | CDT | UMANG VIJAY KUMAR PANDEY |
| 36 | GUJ/21/SDA/ 100291 | CDT | UTKARSH VIVEKSINGH CHAUHAN |
| 37 | GUJ/21/SDA/ 100294 | CDT | RAVI RAKESH PANDEY |
| 38 | GUJ/21/SDA/ 100295 | CDT | PANKAJ JAGDISHBHAI MOFLIPARA |
| 39 | GUJ/21/SDA/ 100299 | CDT | PRINCE SURENDRA SONI |
| 40 | GUJ/21/SDA/ 100300 | CDT | PRIYANK KORI |
| 41 | GUJ/21/SDA/ 100303 | CDT | SHIV SAGAR YADAV |
| 42 | GUJ/21/SDA/ 100314 | CDT | AMAN AJAY SINGH |
| 43 | GUJ/20/SWA/ 100213 | CDT | SALONI UMESHKUMAR GUPTA |
| 44 | GUJ/20/SWA/ 100224 | CPL | ISHIKA KRUSHNKANTBHAI BRAHMBHATT |
| 45 | GUJ/20/SWA/ 100228 | CDT | NEHA BALDEVBHAI CHAUHAN |
| 46 | GUJ/20/SWA/ 100230 | CDT | JAGRUTI CHANDRABHUSHAN PANDEY |

| | | | |
|---|---|---|---|
| 47 | GUJ/20/SWA/ 100232 | CDT | NEHABEN JAYENDRASINH ZALA |
| 48 | GUJ/20/SWA/ 100237 | CDT | POOJA OMPRAKASH GUPTA |
| 49 | GUJ/20/SWA/ 100240 | CDT | RENUKA ANILBHAI PARMAR |
| 50 | GUJ/20/SWA/ 100241 | CDT | FALGUNI SANJAYKUMAR PANCHAL |
| 51 | GUJ/20/SWA/ 100253 | CPL | URVASHI DALSINGH TOMAR |
| 52 | GUJ/20/SWA/ 100249 | CDT | DEEPIKA AAKILSINGH MAHATO |
| 53 | GUJ/20/SWA/ 100264 | CDT | TAMANNA JAYANTIBHAI MOVALIYA |
| 54 | GUJ/20/SWA/ 100280 | CDT | VIDHI PRAKASH KHATRI |
| 55 | GUJ/20/SWA/ 100298 | LCPL | JYOTI RAMMAGAN VERMA |
| 56 | GUJ/20/SWA/ 100313 | CDT | DHARMISHTHA KANTILAL DABHI |
| 57 | GUJ/20/SDA/ 100257 | CDT | MIHIR KISHORBHAI RAVAT |
| 58 | GUJ/20/SDA/ 100258 | CDT | VIKAS SINGH UDE SiNGH KSHATRIYA |
| 59 | GUJ/20/SDA/ 100263 | CDT | AMIT SATISH BHAI SHARMA |
| 60 | GUJ/20/SDA/ 100266 | CPL | SIDHANSHU AJAYKUMAR GUPTA |
| 61 | GUJ/20/SDA/ 100273 | CDT | SUNILKUMAR PARSOTAMBHAI MAKWANA |
| 62 | GUJ/20/SDA/ 100279 | CDT | OMDEVSINH BHARATSINH SOLANKI |
| 63 | GUJ/20/SDA/ 100285 | CDT | NIHAL VINODKUMAR GUPTA |
| 64 | GUJ/20/SDA/ 100286 | CDT | NITIN SAVEDSINGH TOMAR |
| 65 | GUJ/20/SDA/ 100289 | CDT | ALEX ANILBHAI BHATIYA |
| 66 | GUJ/20/SDA/ 100292 | CDT | VICKY BHOLASINGH YADAV |
| 67 | GUJ/20/SDA/ 100297 | CDT | RITIK RAJU BHAI GURUD |
| 68 | GUJ/20/SDA/ 100301 | CDT | HITESH PAPPURAM CHAUDHARY |
| 69 | GUJ/20/SDA/ 100302 | CDT | KAUSHAL NANDKUMAR TRIPATHI |
| 70 | GUJ/20/SDA/ 100304 | CDT | RAKESHBHAI GENARAM GHANCHI |
| 71 | GUJ/20/SDA/ 100305 | CDT | SATENDRA SANTOSHSINGH RAJPUT |
| 72 | GUJ/20/SDA/ 100307 | CDT | VISHAL RAMASHANKAR PANDEY |
| 73 | GUJ/20/SDA/ 100308 | CDT | SURAJ VIJAY CHAUHAN |
| 74 | GUJ/20/SDA/ 100309 | CDT | NIKHIL DILIPKUMAR DUBEY |
| 75 | GUJ/20/SDA/ 100310 | CPL | AYUSH SHASHIKANT MISHRA |
| 76 | GUJ/20/SDA/ 100311 | CDT | SAURABH RAMDAS YADAV |
| 77 | GUJ/20/SDA/ 100312 | CDT | HIRSHAL HAREKRUSHN SEVAK |
| 78 | GUJ/20/SDA/ 100315 | LCPL | PRADEEP HARGOVIND BAGHEL |
| 79 | GUJ/19/SWA/ 100211 | CDT | SONIYA KANWAR DILIP SINGH RAJPUT |
| 80 | GUJ/19/SWA/ 100215 | CDT | VERSHA KUMARI |
| 81 | GUJ/19/SWA/ 100220 | CDT | AANCHAL BHARAT RAMRAKHY ANI |
| 82 | GUJ/19/SWA/ 100221 | SGT | JYOTI |
| 83 | GUJ/19/SWA/ 100222 | CDT | DEEPMALA RAJESHSINGH RATHAUR |
| 84 | GUJ/19/SWA/ 100226 | CDT | AMISHA RAMSURAT SHARMA |
| 85 | GUJ/19/SWA/ 100227 | CDT | ANKITA KAMLESH DUBEY |
| 86 | GUJ/19/SWA/ 100229 | CDT | KAVITA NARESH BHAI KAHAR |
| 87 | GUJ/19/SWA/ 100236 | CDT | SANJANA JONIBHAI MAKWANA |
| 88 | GUJ/19/SWA/ 100242 | CDT | DEEPIKA SHANKARNATH JOGI |
| 89 | GUJ/19/SWA/ 100243 | CDT | SHEETAL GUDDUBHAI SHUKLA |
| 90 | GUJ/19/SWA/ 100245 | CDT | AAYUSHI DHARMENDRA BHAI MEHTA |
| 91 | GUJ/19/SWA/ 100246 | CDT | VAIDEHI JAYANTIBHAI PANCHAL |
| 92 | GUJ/19/SWA/ 100247 | CDT | MITTAL RAJENDRASINH ZALA |
| 93 | GUJ/19/SWA/ 100250 | SUO | SEEMA RAJKHOWA |
| 94 | GUJ/19/SWA/ 100251 | CDT | LATA KALUBHAI VAGHELA |
| 95 | GUJ/19/SDA/ 100259 | JUO | HARSHVARDHAN ANAND JADHAV |
| 96 | GUJ/19/SDA/ 100261 | CDT | HARISHKUMAR KHEMCHAND SWAMI |
| 97 | GUJ/19/SDA/ 100267 | UO | JAY DEVALBHAI VYAS |
| 98 | GUJ/19/SDA/ 100268 | CDT | SAURAJ _ ALI |
| 99 | GUJ/19/SDA/ 100275 | CDT | PRADHUMAN UMAKANT DUBEY |
| 100 | GUJ/19/SDA/ 100276 | CDT | LOVEKUSH SHRI MUKESHKUMAR DIVAKAR |
| 101 | GUJ/19/SDA/ 100288 | CDT | NARENDRASINGH RANSINGH PARIHAR |
| 102 | GUJ/19/SDA/ 100290 | SGT | SHUBHAM JITENDRABHAI YADAV |
| 103 | GUJ/19/SDA/ 100293 | SGT | MANOJ DILIPBHAI KHATIK |
| 104 | GUJ/19/SDA/ 100296 | SGT | AKASHKUMAR RAMESHKUMAR RATHAUR |
| 105 | GUJ/19/SDA/ 100306 | CDT | ANKITSINGH ANILSINGH PARIHAR |

| NOMINAL ROLL SHEET FOR CERTIFICATE B EXAMINATION: 2022 | | | | | |
|---|---|---|---|---|---|
| Sr No | REGMT NO | Rank | Name | Father's Name | Result |
| 1 | GUJ/20/SWA/ 100213 | CDT | GUPTA SALONI | UMESHKUMAR | F |
| 2 | GUJ/20/SWA/ 100224 | LCPL | BRAHMBHATT ISHIKA | KRUSHNKANTBHAI | F |
| 3 | GUJ/20/SWA/ 100228 | CDT | CHAUHAN NEHA | BALDEVBHAI | B |
| 4 | GUJ/20/SWA/ 100230 | CDT | PANDEY JAGRUTI | CHANDRABHUSHAN | B |
| 5 | GUJ/20/SWA/ 100232 | CDT | ZALA NEHABEN | JAYENDRASINH | B |
| 6 | GUJ/20/SWA/ 100237 | CDT | GUPTA POOJA | OMPRAKASH | B |
| 7 | GUJ/20/SWA/ 100240 | CDT | PARMAR RENUKA | ANILBHAI | B |
| 8 | GUJ/20/SWA/ 100241 | CDT | PANCHAL FALGUNI | SANJAYKUMAR | B |
| 9 | GUJ/20/SWA/ 100253 | LCPL | TOMAR URVASHI | DALSINGH | A |
| 10 | GUJ/20/SWA/ 100249 | CDT | MAHATO DEEPIKA | AAKILSINGH | A |
| 11 | GUJ/20/SWA/ 100264 | CDT | MOVALIYA TAMANNA | JAYANTIBHAI | A |
| 12 | GUJ/20/SWA/ 100280 | CDT | KHATRI VIDHI | PRAKASH | A |
| 13 | GUJ/20/SWA/ 100298 | LCPL | VERMA JYOTI | RAMMAGAN | F |
| 14 | GUJ/20/SWA/ 100313 | CDT | DABHI DHARMISHTHA | KANTILAL | F |
| 15 | GUJ/20/SDA/ 100258 | CDT | KSHATRIYA VIKAS SINGH | UDE SiNGH | B |
| 16 | GUJ/20/SDA/ 100266 | LCPL | GUPTA SIDHANSHU | AJAYKUMAR | A |
| 17 | GUJ/20/SDA/ 100273 | CDT | MAKWANA SUNILKUMAR | PARSOTAMBHAI | F |
| 18 | GUJ/20/SDA/ 100285 | CDT | GUPTA NIHAL | VINODKUMAR | F |
| 19 | GUJ/20/SDA/ 100286 | CDT | TOMAR NITIN | SAVEDSINGH | B |
| 20 | GUJ/20/SDA/ 100289 | CDT | BHATIYA ALEX | ANILBHAI | F |
| 21 | GUJ/20/SDA/ 100292 | CDT | YADAV VICKY | BHOLASINGH | C |
| 22 | GUJ/20/SDA/ 100297 | CDT | GURUD RITIK | RAJU BHAI | A |
| 23 | GUJ/20/SDA/ 100301 | CDT | CHAUDHARY HITESH | PAPPURAM | A |
| 24 | GUJ/20/SDA/ 100302 | CDT | TRIPATHI KAUSHAL | NANDKUMAR | B |
| 25 | GUJ/20/SDA/ 100305 | CDT | RAJPUT SATENDRA | SANTOSHSINGH | B |
| 26 | GUJ/20/SDA/ 100307 | CDT | PANDEY VISHAL | RAMASHANKAR | B |
| 27 | GUJ/20/SDA/ 100308 | CDT | CHAUHAN SURAJ | VIJAY | B |
| 28 | GUJ/20/SDA/ 100309 | CDT | DUBEY NIKHIL | DILIPKUMAR | A |
| 29 | GUJ/20/SDA/ 100310 | LCPL | MISHRA AYUSH | SHASHIKANT | A |
| 30 | GUJ/20/SDA/ 100311 | CDT | YADAV SAURABH | RAMDAS | B |
| 31 | GUJ/20/SDA/ 100312 | CDT | SEVAK HIRSHAL | HAREKRUSHN | B |
| 32 | GUJ/20/SDA/ 100315 | LCPL | BAGHEL PRADEEP | HARGOVIND | B |

## NOMINAL ROLL SHEET FOR CERTIFICATE C EXAMINATION: 2022

| Sr No | REGMT NO | Rank | Name | Father's Name | Result |
|---|---|---|---|---|---|
| 1 | GUJ/19/SWA/ 100211 | SGT | RAJPUT SONIYA KANWAR | DILIP SINGH | B |
| 2 | GUJ/19/SWA/ 100215 | CDT | VERSHA KUMARI | | B |
| 3 | GUJ/19/SWA/ 100220 | LCPL | RAMRAKHYANI AANCHAL | BHARAT | A |
| 4 | GUJ/19/SWA/ 100221 | SGT | JYOTI | RAVINDRA | B |
| 5 | GUJ/19/SWA/ 100222 | CDT | RATHAUR DEEPMALA | RAJESHSINGH | B |
| 6 | GUJ/19/SWA/ 100226 | CDT | SHARMA AMISHA | RAMSURAT | B |
| 7 | GUJ/19/SWA/ 100227 | CDT | DUBEY ANKITA | KAMLESH | B |
| 8 | GUJ/19/SWA/ 100229 | CDT | KAHAR KAVITA | NARESH BHAI | B |
| 9 | GUJ/19/SWA/ 100236 | CPL | MAKWANA SANJANA | JONIBHAI | B |
| 10 | GUJ/19/SWA/ 100242 | CDT | JOGI DEEPIKA | SHANKARNATH | B |
| 11 | GUJ/19/SWA/ 100243 | CPL | SHUKLA SHEETAL | GUDDUBHAI | C |
| 12 | GUJ/19/SWA/ 100245 | CDT | MEHTA AAYUSHI | DHARMENDRABHAI | A |
| 13 | GUJ/19/SWA/ 100246 | CDT | PANCHAL VAIDEHI | JAYANTIBHAI | B |
| 14 | GUJ/19/SWA/ 100247 | SGT | ZALA MITTAL | RAJENDRASINH | B |
| 15 | GUJ/19/SWA/ 100250 | SUO | SEEMA RAJKHOWA | | A |
| 16 | GUJ/19/SWA/ 100251 | CDT | VAGHELA LATA | KALUBHAI | B |
| 17 | GUJ/19/SDA/ 100259 | JUO | JADHAV HARSHVARDHAN | ANAND | A |
| 18 | GUJ/19/SDA/ 100261 | CDT | SWAMI HARISHKUMAR | KHEMCHAND | B |
| 19 | GUJ/19/SDA/ 100267 | UO | VYAS JAY | DEVALBHAI | B |
| 20 | GUJ/19/SDA/ 100268 | CDT | SAURAJ ALI | _ | B |
| 21 | GUJ/19/SDA/ 100275 | CDT | DUBEY PRADHUMAN | UMAKANT | B |
| 22 | GUJ/19/SDA/ 100276 | CDT | DIVAKAR LOVEKUSH | SHRI MUKESHKUMAR | F |
| 23 | GUJ/19/SDA/ 100288 | CDT | PARIHAR NARENDRASINGH | RANSINGH | F |
| 24 | GUJ/19/SDA/ 100290 | CPL | YADAV SHUBHAM | JITENDRABHAI | B |
| 25 | GUJ/19/SDA/ 100293 | SGT | KHATIK MANOJ | DILIPBHAI | C |
| 26 | GUJ/19/SDA/ 100296 | CPL | RATHAUR AKASHKUMAR | RAMESHKUMAR | B |
| 27 | GUJ/19/SDA/ 100306 | CDT | PARIHAR ANKITSINGH | ANILSINGH | B |
| 28 | GUJ/18/SWA/100212 | CDT | ARATIKUMARI | SHREE SHIVNARAYAN | B |
| 29 | GUJ/18/SWA/ 100216 | SUO | RAM BHUMIKA | BHAGVAN | B |
| 30 | GUJ/18/SDA/ 100235 | CDT | SHARMA ARJUN | SURAJ | B |
| 31 | GUJ/18/SDA/ 100238 | CDT | SINGH ABHINASH | SHAILENDRASINH | B |
| 32 | GUJ/18/SDA/ 100252 | SGT | BURASIYA NITIN | DEVAJI | B |
| 33 | GUJ/18/SDA/ 100271 | LCPL | PARIHAR AKASH | RAMHARISINGH | B |